# પ્રાંતિજ પાસે ટ્રકની અડફેટમાં ત્રણ પદયાત્રીઓના મોત

## છ ને ઈજાઓ પહોચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા : પોગલુ ગામ સહિત પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યુ

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કાટવાડ પાસે શામળાજીથીમાંની જયોત લઈને પરત ફરતા સંઘને ટ્રક ચાલકે રીતે હંકારી લાવીને આગળ જતાં સંઘને ટ્રેકટર તથા ટ્રેલરને રથને પાછળથી ટક્કર મારતાં સંઘમા ચાલતા જતા એક આધેડ મહિલા સહિત બે યુવાનોને અડફેટે લેતાં કુલ ત્રણને શરીરે ઈજાઓ પહોચા મોત નિપજ્યું હતું. જેમાં હાર્દિક ઉર્ફે ચિરાગભાઈ રસિકભાઈ પટેલ, ઉ. વર્ષ-૨૬, વિજયભાઈ શૈલેષભાઈ પટેલ ઉ. વર્ષ-૨૩, શાન્તાબેન નારણદાસ પટેલ ઉ. વર્ષ ૫૯ ત્રણેય રહે. પોગલુ જયારે છ ને માથાના








ટક્કર મારતા ત્રણના મોત નિપજ્યા હતા અને છ ને ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

પ્રાંતિજ ખાતે શ્રી બાવન ગોળ કડવા પાટીદાર સમાજ દ્વારા માં ઉમીયા મા ગાયત્રી, મા અંબાજીની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગને લઈને પાટીદાર સમાજના પોગલુ ગામનો સંઘ શામળાજી ખાતે આવેલ મા ગાયત્રી મંદિરથી મા ના દિપકની જયોત લઈને સંઘ પરત ફરી રહ્યો હતો ત્યારે રાત્રીના ૧૨ કલાકે પ્રાંતિજના કાટવાડ પાસેથી સંઘ પ્રસાર થઈ રહ્યો હતો તે સમયે રાજસ્થાન બાજુથી આવતી ટ્રક નંબર -જીજે. ૨૭.જીબી.૦૭૧ ઉનો ચાલક બેદરકારી રીતે ફુલફાસ્ટ





ભાગે તથા શરીરે ઈજાઓ પહોંચતા તેવોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જયારે અકસ્માતના સમાચાર વાયુવેગે પંથકમાં પ્રસરતા પોંગલુ ગામ સહિત તાલુકામાં આવેલ પાટીદાર સમાજનાં ગામોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું અને મૃતકોની સ્મશાન યાત્રામાં સગાસંબંધીઓ સહિત આખું ગામ આજુબાજુના ગામોના લોકો સહિત સમાજના આગેવાનો રાજકિય નેતાઓ સહિત હજારોની સંખ્યામાં લોકો સ્મશાનયાત્રામાં જોડાયા હતા. જયારે સમાજના પ્રમુખ બાબુભાઈ એસ. પટેલ દ્વારા મૃતકોના પરિવારજનોને સાંત્વના આપી યોજાનાર ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ મોકુફ રાખવાનું જણાવ્યું છે.

# મોટી ઈસરોલ ગામે હાઈવેથી ૧૦૦ મીટર દૂર રોડ સાઈડની દુકાનમાં ટ્રક ઘુસી ગઈ

## ફર્ટિલાઈઝરની દુકાનની દીવાલ તોડી અંદર ઘુસી જતા ચાર લાખના નુકસાનની પોલીસ ફરિયાદ નોંધાઈ

મોડાસા, તા ૧

અરવલ્લી જિલ્લામાં સોમવારે સવારે મોડાસા-શામળાજી હાઈવેપર મોટી ઈસરોલ ગામે હાઈવેથી ૧૦૦ મીટર દૂર રામદેવ સિડઝ એન્ડ ફર્ટિલાઈઝર્સની દુકાનની સાઈડની દીવાલ તોડી ટ્રક દુકાનમાં ઘુસી ગઈ હતી. જેને કારણે દુકાન ઉપરાંત તેમાં રહેલ કિંમતી સામાન મળી રૂ. ચાર લાખની મત્તાનું નુકસાન થયાની ફરિયાદ મોડાસા રૂરલ પોલીસ મથકે નોંધી નાસી છુટેલ આરોપીને ઝડપવા તજવીજ હાથ ધરી છે.

મોડાસાના ગોખરવાના રહીશ જયેશભાઈ દેવકરણભાઈ પટેલે નોંધાવેલ ફરિયાદ મુજબ આ કામના આરોપી ટ્રક ચાલકે પોતાના કબજાની ટ્રકને પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારી રીતે હંકારી લાવી ટ્રકના સ્ટેયરિંગ ઉપરનો કાબુ ગુમાવી મોટી ઈસરોલ ગામે રોડની નજીકમાં આવેલ રામદેવ સિડઝ એન્ડ ફર્ટિલાઈઝરની દુકાનના ઉત્તર દિવાલના મધ્યભાગે ટક્કર મારી હતી અને દીવાલ તોડી ટ્રક દુકાનમાં ઘુસી ગઈ હતી અને દુકાનમાં મુકેલ કિંમતી સામાન તથા દીવાલ સહિત આખી દુકાનને મોટું નુકસાન કર્યું હતું. સદનસીબે વસતી અને રહેણાંક વિસ્તારમાં બનેલી ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. આ બનાવમાં દુકાન અને માલસામાનનું મળી રૂ. ચાર લાખના નુકસાનની ફરિયાદ નોંધાવવામાં આવી છે.


એએસઆઈ મગનભાઈ બદાભાઈએ ટ્રક મૂકી નાસી જઈને પોલીસ મથકે જાણ નહિ કરી ગુનો આચરનાર ટ્રકના ચાલક વિરુદ્ધ ઈપીકો કલમ ૨૭૯, ૩૩૭, ૪૨૭, એમવી એક્ટ ૧૭૭, ૧૮૪ અને ૧૩૪-બી મુજબનો નોંધ્યો હતો અને તેની તપાસ પોસઈ મેહુલ ચૌહાણની રાહબરી હેઠળ મગનભાઈએ હાથ ધરી છે.




# ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં મોડાસાની બીસીએ કોલેજ ઝળકી

મોડાસા, તા. ૨

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની તાજેતરમાં માર્ચ-જૂન-૨૦૧૭માં લેવાયેલ બીસીએ સેમ-૪ પટેલ ભૂમી યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ તથા પટેલ ભક્તીએ યુનિવર્સિટીમાં બીજો ક્રમાંક અને પટેલ ગુંજન યુનિવર્સિટીમાં ત્રીજો ક્રમ મેળવેલ છે. વધુમાં આવી સુંદર સિદ્ધિ હાંસલ કરવા બદલ કોલેજ કેળવણી મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી,



કોલેજના પ્રભારી મંત્રી અરવિંદભાઈ જે. મોદી, સુરેન્દ્રભાઈ જે. શાહે કોલેજના આચાર્ય ડૉ. ભદ્રેશ પટેલ તથા સમગ્ર સ્ટાફમિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.




## પાલનપુરમાં ધૂંધળા વાતાવરણના લીધે બફારાથી લોકો અકળાયા

પાલનપુર સહિત ઉત્તર ગુજરાતમાં ધૂંધળા વાતાવરણ અને ભેજના વધુ પ્રમાણના કારણે બફારાથી લોકો અકળાયા હતા. ગરમીના કારણે લોકોએ ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે જો કે, આજે દિવસના તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થયો ન હતો જેથી . આગામી દિવસોમાં ગરમી વધવાની સંભાવના છે. આજે જિલ્લા મથક માં પાલનપુર માં અસહય ગરમી ના લીધે રસ્તાઓ સુમસામ ભાસી રહ્યાં છે તો બીજી તરફ ગરમી ઠંડક મેળવવા રાહદારીઓ ઠંડા જયુસ ને મજા માણી રહ્યા છે અતિરેક ગરમી ના બફારા થી બચવા માટે લોકો ઘરો માં કેદ થઈ ગયા છે. રેતીની આંધી સાથે આવતા પશ્ચિમી પવનોના કારણે મહેસાણા સહિત ઉત્તર ગુજરાતનું વાતાવરણ છેલ્લા બે દિવસથી ધૂંધળું બન્યું છે. સાથે સાથે ભેજનું પ્રમાણ પણ ૭૯ ટકા જેટલું પહોંચતાં ઉકળાટ જેવો માહોલ સર્જાયો હતો. આજે સૂર્યપ્રકાશ ના પ્રકોપ ને દેહ દઝાડતી ગરમીથીલોકો હેરાન થઈ રહ્યાં છે .જો કે આગામી દિવસ માં અને રાતના તાપમાનમાં વધારા સાથે ગરમીમાં વધારો થવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

## ઘર દીઠ રૂપિયા વસુલતા હોવાની ફરિયાદ ઉઠી છે

અમદાવાદ શહેરના લગભગ તમામ વોર્ડ-વિસ્તારોમાં સફાઈની કામગીરી ખાનગી કોન્ટ્રાકટરોને હવાલે કરી દેવામાં આવી છે.તેવા સમયે બહેરામપુરા વોર્ડના અનેક વિસ્તારોમાં ખાનગી કોન્ટ્રાકટરના માણસો કચરો લેવા માટે ઘર દીઠ રૂપિયા વસુલતા હોવાની વ્યાપક ફરીયાદો બાદ મ્યુનિસિપલ કમિશનર સમક્ષ કંપનીને બ્લેકલિસ્ટ કરવાની માગણી કરવામાં આવી છે.આ અંગે મળતી માહીતી અનુસાર, અમદાવાદ શહેરના છ ઝોન પૈકી મોટાભાગના વિસ્તારોમાં મ્યુનિસિપલ તંત્રે પોતાના સફાઈ કામદારો પાસેથી સફાઈની કામગીરી કરાવવાને બદલે ડોર ટુ ડમ્પ પ્રોજેકટ હેઠળ ખાનગી કોન્ટ્રાકટરોને કામગીરી સોંપી દીધી છે.

# અમદાવાદમાં મહિનામાં ૧૯ વ્યક્તિઓ દ્વારા આપઘાત

અમદાવાદ શહેરમાં પુરા થયેલા ગત એક માસ દરમ્યાન શહેરના વિવિધ બ્રિજ પરથી નદીમાં ઝંપલાવીને આત્મહત્યા કરવાના બનાવોમાં ૧૮ પુરુષ અને ૧ મહિલાના મોત થવા પામ્યા છે.જ્યારે ૧૧ લોકોને જીવતા બચાવી લેવામાં આવ્યા છે.આ અંગેની વિગત એવી છે કે,અમદાવાદ ફાયર બ્રિગેડ વિભાગ તરફથી શહેરના આશ્રમ રોડ પર આવેલા વલ્લભસદન પાસેના બોટીંગ પોઈંટની પાસે રેસ્કયુ બોટ સાથે ચાર ફાયરમેનોને નદીમાં કુદી આત્મહત્યા કરવાનો પ્રયાસ કરવાવાળાઓને બચાવવાની કામગીરી સોંપવામાં આવી છે.જે દરમ્યાન ૧ લી એપ્રિલથી ૩૦ એપ્રિલ સુધીના સમયગાળા દરમ્યાન અમદાવાદ શહેરમાં આવેલા વિવિધ બ્રિજ પરથી અથવા તો રીવરફ્રન્ટ વોક વે પરથી નદીમાં ઝંપલાવીને આત્મહત્યા કરવા માટે કુલ મળીને ૨૯ લોકો દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો હતો.જે પૈકી ૧૭ પુરૂષોના મૃતદેહ મળી આવ્યા હતા.જ્યારે ૧ મહિલાને પણ મૃતહાલતમાં બહાર કાઢવામાં આવી હતી.કામગીરી સંભાળી રહેલા ભરત નાંદેલાના કહેવા અનુસાર,એપ્રિલ માસ દરમ્યાન તેમની ટીમને સતત દોડવું પડ્યું હતુ.



## ખેડબ્રહ્મા પાલિકાના કર્મચારીઓએ પગારના લાભ અંગે આવેદનપત્ર આપ્યુ

ખેડબ્રહ્મા નગરપાલિકાના કર્મચારીઓને સાતમા પગાર ધોરણના લાભો તથા અન્ય માંગણીઓ અંગે સરકારની અન્યાયકારી નીતિના વિરોધ કરી એક દિવસ માટે કાળી પટ્ટી ધારણ કરી મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું.

અખિલ ગુજરાત નગરપાલિકા કર્મચારી મહામંડળ દ્વારા રાજ્ય સરકાર તથા શહેરી વિકાસ વિભાગને નગરપાલિકાઓના કર્મચારીઓને લગતા સાતમા પગાર પંચ અને મહેકમની નિતીના સુધારાઓ બાબત અવારનવાર મૌખિક-લેખીત રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં આ કર્મચારીઓની એક પણ માંગણીનો સરકાર દ્વારા હકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું નથી અને પાલિકાના કર્મચારીઓની માગણીઓ અંગે દુર્લક્ષ સેવવામાં આવે છે અને મંડળને આપવામાં આવેલ ખાતરીની અમલવારી પણ કરવામાં આવતી નથી તેના વિરોધમાં ખેડબ્રહ્મા નગરપાલિકાના કર્મચારીઓ એક દિવસ માટે કાળી પટ્ટી ધારણ કરી મામલતદારને આવેદનપત્ર આપ્યુ હતુ.

## એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડે વિઝન ૨૦૨૦ અંતર્ગત ૨,૦૦૦ કરોડની આવક કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો

ભારતની સૌથી મોટી ટાઈલ્સ કંપનીઓ પૈકીની એક એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડે આગામી ૩થી ૪ વર્ષમાં આવક બમણી કરવાની યોજના બનાવી છે. કંપનીએ રૂ. ૨,૦૦૦ કરોડની આવકનો અને ૨૦૨૦ માટે તેના વિઝનમાં ભારતમાં ટોચની ૩ ટાઈલ્સ કંપનીઓમાં સ્થાન મેળવવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. કંપની આગળ જતાં ગ્લેઝ વિટ્રિફાઈડ ટાઈલ્સ, ડિજિટલ સિરામિક ટાઈલ્સ અને માર્બલ એન્ડ ક્વાટ્ર્ઝ સહિત ઊંચા મૂલ્યના ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરશે. ઉપરાંત આ લક્ષ્યાંક હાંસલ કરવા એસેટ લાઈટ બિઝનેસ મોડલ અપનાવવાનો નિર્ણય લીધો છે. માર્બલ અને ક્વાટ્ર્ઝ સ્ટોન સેગમેન્ટ કંપની માટે આગળ જતાં સૌથી મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાંનું એક છે. તાજેતરમાં કંપનીએ તેનાં હિમ્મતનગર પ્લાન્ટમાં ક્વાટ્ર્ઝ સ્ટોન માટે ત્રીજી લાઈનનું વિસ્તરણ કર્યું હતું અને આ મહિને વાણિજ્યિક ઉત્પાદન શરૂ કર્યું હતું. આ વિસ્તરણ પછી કંપનીની ક્વાટ્ર્ઝ સ્ટોન ક્ષમતા દરરોજ બમણી થઈને ૧,૬૦૦ ચોરસ મીટર થઈ છે, જે માટે રૂ. ૨૦ કરોડનું રોકાણ કર્યું છે. કંપનીએ નવી સુવિધામાં ૧૦.૫ ફુટ ૪ ૫.૨૫ ફુટ લાર્જ ફોર્મેટમાં ક્વાટ્ર્ઝ લોંચ કર્યું છે તથા સ્થાનિક અને નિકાસ બજારમાંથી રૂ. ૨૫ કરોડનાં ઓર્ડર્સ મળ્યાં છે. એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે, ‘‘ક્વાટ્ર્ઝમાં વિસ્તરણ કંપનીની હાઈ-એન્ડ અને ઊંચા મૂલ્યના સંવર્ધિત ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરવાની સ્ટ્રેટેજીને અનુરૂપ છે. કંપનીએ નવી સુવિધામાંથી ૨૦એમએમ અને ૩૦એમએમ જાડાઈના ક્વાટ્ર્ઝ સ્લેબ લોંચ કર્યાં છે તથા સ્થાનિક અને નિકાસ બજાર એમ બંનેમાં સારો પ્રતિસાદ મળ્યો છે.



## મોડાસામાં નવિન લાયબ્રેરીનો પ્રારંભ

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં છેલ્લા કેટલાય વર્ષથી કાર્યરત યુવાનો વડીલોને વાંચનનું જ્ઞાન પુરૂ પાડતી સી.એસ. બુટાલા બ્રધર હુડ લાયબ્રેરીએ મોડાસાનો વિસ્તાર વધતાં સોસાયટી વિસ્તારના સાંઈ મંદિર ઓધારી તળાવ પાસે આવેલા નગરપાલીકાના જનસેવા કેન્દ્રમાં નવીન શાખાનો પ્રારંભ અરવલ્લી જિલ્લાના ભાજપના પ્રમુખ રઘુવીરભાઈ ડાભી, નગરપાલીકાના પ્રમુખ વનીતાબેન પટેલ, કોલેજ કેળવણી મંડળના પ્રમુખ નવીનચંદ્ર મોદી, શહેર ભાજપ પ્રમુખ જગદીશ ભાવસારના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

# ભારતમાં એલજીની ૨૦ વર્ષની ઉજવણી

## બધા ભારતીય ગ્રાહકો સાથે સેલિબ્રેટિંગ ટુગેધરનેસ અને સતત તેમનું જીવન બહેતર બનાવાવ પ્રયાસ

અમદાવાદ, તા. ૨

એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં અત્યંત આકર્ષક બ્રાન્ડ છે. આ વર્ષે એલજીએ દેશમાં ૨૦ વર્ષનો લાંબો પ્રવાસ પૂરો કર્યો છે. બ્રાન્ડ તેમના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત પ્રોડક્ટો પ્રદાન કરવાની દૃષ્ટિએ સ્થિર છે અને લાઈફઝ ગૂડ એ તેની મુખ્ય ફિલોસોફી પર ખરા અર્થમાં સેવા આપી રહી છે. બ્રાન્ડ તરીકે એલજીએ પ્રોડક્ટો વેચવા સાથે ભારતીય ગ્રાહકોને ઉત્તમ અને વધુ સુવિધાજનક જીવનશૈલીનું સપનું પણ આપ્યું છે.

રિજનલ મેનેજર મૌલેશ છાયાએ જણાવ્યું હતું કે સેલિબ્રેટિંગ ટુગેધરનેસની સંકલ્પના ભારતીય ગ્રાહકો સાથે ૨૦ વર્ષથી સાતત્યતામાં અને સતત વધતા સંબંધોની ઉજવણી પર કરાઈ છે. આ અજોડ ઝુંબેશનું લક્ષ્ય બ્રાન્ડ અને તેના ગ્રાહકો વચ્ચે ટુગેધરનેસ (એકતા)ના ૨૦ વર્ષની ઉજવણીનું છે. છેલ્લા ૨૦ વર્ષથી એલજી પ્રોડક્ટોમાં ગ્રાહકોએ રાખેલો વિશ્વાસ અને આ દિશામાં ચાલી રહેલી આગેકૂચને ધ્યાનમાં લેતાં આ વિશ્વાસની ઉજવણીની રીત છે. આ ઝુંબેશ એલજીની વિશ્વ કક્ષાની પ્રોડક્ટો પર આકર્ષક ઓફરોની અગાઉ ક્યારેય નહી જોઈએ તેવી શ્રેણી સાથે ખૂલશે, જેને આ અવસરે દરેક જણ એલજીની સફળતાની ગાથાનો હિસ્સો બનશે.

વિશેષ ડિસ્કાઉન્ટસ, સરળ ઈએમઆઈ વિકલ્પો, મફત ભેટો વગેરે ઉપરાંત એલજીએ પોતાની પ્રોડક્ટોનો ઉપયોગ કરતા ગ્રાહકો સુધી પહોંચવા માટે અત્યંત અજોડ સ્પર્ધા જાહેર કરી છે. ગ્રાહકો તેમના ઘેરબેઠા અને પરિવાર સાથે http://www.lg.com/in/lifeisgood પર એલજી સાથે તેમની ઉત્તમ પળોનું આદાનપ્રદાન કરી શકે છે.